
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૦ ટકા

# લોકશાહીનું મહાપર્વ - મતદાન પર્વ




લોકશાહીના મહાપર્વ સમી લોકસભાની ચૂંટણીઓના ત્રીજા તબક્કાના મતદાનમાં ગાંધીનગરમાં આજે મતદારોએ વહેલી સવારથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. શહેરમાં પહેલીવાર વોટીંગ કરનારા યુવા મતદારોથી માંડીને વયોવૃધ્ધ મતદાતાઓ, દિવ્યાંગ મતદાતાઓ તેમજ કેટલેક સ્થળે તો બિમાર મતદાતાઓએ પણ મતદાન કરવાની ફરજ નિભાવી હતી. મહિલાઓએ પણ મોટી સંખ્યામાં લાઈનો લગાવી મતદાન માટે ઉત્સાહનું વાતાવરણ ઉભું કર્યું હતું અને દિવસ દરમિયાનની ખરી ગરમીમાં પણ નાગરિકોએ લોકશાહીના આ મહાપર્વને રંગેચંગે ઉજવ્યું હતું.

## મતદારો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરી પણ પીવુ કઈ રીતે ...



આકરી ગરમી વચ્ચે આજે હાથ ધરાયેલી મતદાનની પ્રક્રીયા દરમિયાન નગરજનો વહેલી સવારથી જ મતદાન કરવા માટે નિકળી ગયા હતા. જયારે મતદાનની પ્રક્રીયા શરૂ થાય તે પુર્વે જ મતદાન મથકો પર મતદારોની કતાર લાગી ગઈ હતી. જયારે બપોર થતા મતદાનની પ્રક્રીયા ધીમી પડી ગઈ હતી. ગરમીના લીધે મતદાન પ્રભાવિત થયુ હતુ. જો કે ગરમીમાં મતદાન મથકો પર મતદારો માટે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મતદાન મથકો પર પાણીના જગ ગોઠવી દેવાયા હતા. પરંતુ કેટલાક ઠેકાણે પાણીના જગ સાથે ગ્લાસ રાખવામાં આવ્યા ન હતા. તો જગ પણ ટેબલના ઠેકાણે નીચે મુકી દેવાતા મતદારોએ પાણી કઈ રીતે પીવુ તેની પણ મુંઝવણ થઈ હતી.

## આખા વર્ષમાં આજે મતદાન કરવા ઘરની બહાર નિકળ્યો...

આજે મતદાન દરમિયાન સવારથી જ મતદારોમાં ગજબનો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં યુવાનો તેમજ મહીલાઓ સાથે સિનિયર સિટીઝન્સ



પણ ઠંડા પહોરમાં મતદાન કરવા માટે નિકળી ગયા હતા.મોટાભાગના વયોવૃધ્ધ મતદારોએ પણ સવારના સમયે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સેકટરોમાં ૯૦ વર્ષની વય વટાવી ચુકેલા મતદારોએ પણ ઉત્સાહ પુર્વક મતદાન કર્યુ હતુ. શારિરીક રીતે અશક્ત હોવાછતા વોકરની મદદથી તેઓ મતદાન મથક પર પહોંચ્યા હતા. સે-૨૨ ની શાળામાં સેકટરમાં રહેતા ૯૦ વર્ષીય કનુભાઈ ત્રિવેદીએ મતાધિકારનો ઉપયોગ કરી જણાંવ્યુ હતુ કે આખા વર્ષમાં ઘરની બહાર નિકળતો નથી. પરંતુ દેશના હિત માટે મતદાન કરવુ અનિવાર્ય છે. માટે આજે મતદાન કરી આનંદ અનુભવુ છુ.

## પ્રધાનમંત્રી મોદીના માતૃશ્રી હીરાબાએ રાયસણ પ્રાથમિક શાળામાં મતદાન કર્યું



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં વૃંદાવન બંગ્લોઝ ખાતે રહેતા ભારતના વડાપ્રધાન નરન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબા અંદાજે પોણા દસ વાગ્યાના સુમારે મતદાન કરવા આવી પહોંચ્યા હતા. વડાપ્રધાનના નાના ભાઈ પંકજભાઈ મોદીની ખાનગી કારમાં તેમના પરિવાર સાથે મતદાન કરવા આવી પહોંચેલા વયોવૃધ્ધ હીરાબાને સ્થળ પર રાખવામાં આવેલી વ્હીલચેરનો ઉપયોગ કરવા ઓફર કરવામાં આવી હતી પરંતુ તેમણે ઈન્કાર કરી દીધો હતો એટલે પંકજભાઈ મોદી તેમને પકડીને બુથ સુધી દોરી ગયા હતા. રાયસણ ગામની પ્રાથમિક શાળામાં હીરાબાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સવારે સાડા સાત વાગ્યાના સુમારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે તેમને મળવા નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે તેમણે વડાપ્રધાનને માતાજીની ચુંદડી, શ્રીફળ અને પ્રસાદ માટેની સાકર સાથે શુકનના રૂ.૫૦૧ આપી ગોળ ખવડાવી તેમનું મ્હોં મીઠું કરવા સાથે આર્શીવાદ આપ્યા હતા.

## રાજકીય પક્ષોના સર્વિસ ટેબલો મતદાન મથક પાસેથી દુર કરાયા



સવારે મતદાનની પ્રક્રીયા શરૂ થયા બાદ કેટલાક ઠેકાણે મતદાન મથકો બહાર ૨૦૦ મીટરની હદમાં રાજકીય પક્ષના સર્વિસ ટેબલો ગોઠવાઈ ગયા હતા. સે-૨૯ માં પણ આવી જ રીતે મતદાન મથક પાસે નિયત હદથી અંદરના વિસ્તારમાં ટેબલ ગોઠવાઈ જતા પોલીસે દરમિયાનગીરી કરી આ ટેબલ દુર કર્યુ હતુ. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ આ મુજબ ટેબલો મુકી દેવાતા આ મામલે સફાળા જાગેલા ચુંટણી ફરજ પરના સ્ટાફે આ સર્વિસ ટેબલો દુર ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

## રીઝર્વ ઈ વી એમ મશીન સાથે કાર તૈનાત રખાઈ



મતદાન મથક બહાર ઈ વી એમ મશીન માટે સ્પેશ્યલ કાર તૈનાત રાખવામાં આવી હતી. જેમાં રીઝર્વ ઈ વી એમ મશીન રાખવામાં આવ્યા હતા. જયારે કોઈ કિસ્સામાં ઈ વી એમ મશીન ખોટવાય ત્યારે આ રીઝર્વ ઈવીએમ નો ઉપયોગ થઈ શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સવારે મતદાન શરૂ થતા પુર્વે સે-૨૨ માં મોક દરમિયાન એક ઈ વી એમમાં ટેકનિકલ ખામી માલુમ પડી હતી. જો કે રીઝર્વ ઈ વી એમ ના આધારે કોઈ તકલીફ પડી ન હતી.

## કલોલમાં જૈફ વયના દંપતીએ મતદાન કર્યુ

કલોલમાં ૯૭ વર્ષીય હરજીવનદાસ ઈશ્વરદાસ પ્રજાપતિ તેમજ તેમના પત્નીએ આજે પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી ખુશીની લાગણી વ્યકત કરી હતી. આ તબક્કે તેમણે એવી આશા પણ વ્યકત કરી હતી કે આવનારા દિવસોમાં રાષ્ટ્રના હિત, શિક્ષણ , આરોગ્ય, વૃધ્ધ પેન્શન સહીતના લાભોની આશા પણ તેમણે પણ વ્યકત કરી હતી.

## યુવક - યુવતિઓએ પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કર્યો

આજે મતદાન દરમિયાન શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં બધા વયોવૃધ્ધ મતદારોએ મતદાન કર્યુ હતુ. જયારે શહેર તેમજ ગામડાઓમાં પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરનારાઓની સંખ્યા પણ વિશેષ હતી. જિલ્લાના આદરજ ગામમાં પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરનાર યુવતિએ જણાંવ્યુ હતુ કે ઈ વી એમ મશીનનો પ્રથમવાર ઉપયોગ કરી ખુશી વ્યકત કરી હતી યોગ્ય પ્રતિનિધિ અને પ્રજાના હીત માટે કામ કરતી સરકારને દેશનુ સુકાન સૌંપવા મતદાન કરવુ અનિવાર્ય છે.




## વાવોલમાં સવારથી મતદાન માટે ઉત્સાહ



ગાંધીનગરના વાવોલ ખાતે વહેલી સવારથી જ મતદાતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને મતદાન મથકો પર કતારો જોવા મળી હતી. વાવોલમાં યુવા અને મહિલા મતદારોએ મોટી સંખ્યામાં મતદાનમાં ભાગ લીધો હતો. જેમાં સવારના વાતાવરણમાં સોસાયટી વિસ્તારના અને બપોર પછીના સમયમાં ગ્રામ્ય વિસ્તારના મતદારોની સંખ્યા વધુ જોવા મળી હતી. વાવોલમાં મોટી ઉંમરના વયોવૃધ્ધ મતદારોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને એકંદરે સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું.

## પેથાપુર ચરેડી પ્રાથમિક શાળામાં મતદાનની પ્રક્રીયા મોડી શરૂ થઈ હોવાની ફરિયાદ

ગાંધીનગર તા ૨૩

આજે મતદાનના પ્રારંભથી જ મતદારોમાં વહેલી સવારથી ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદારો મતદાન મથકોએ સવારે ૬ :૩૦ કલાકે જ પહોંચી ગયા હતા. આકરી ગરમીમાં મતદારો સવારે જ મતદાન કરી લેવાના મુડમાં હતા. જેના લીધે સેકટરોમાં પણ મતદાન મથકોએ સવારે કતાર જોવા મળી હતી. જેમાં મહીલાઓની સંખ્યા પણ વિશેષ હતી.બીજીતરફ સવારે નિયત સમય કરતા મતદાનની પ્રક્રીયા મોડી શરૂ થઈ હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. પેથાપુર ગામમાં સ્થિત ચરેડી પ્રાથમિક શાળામાં રૂમ નં -૫ બુથ નં -૪૯ માં મતદારો સવારથી જ મતદાન કરવા માટે પહોંચી ગયા હતા. જયારે આ વેળાએ ઈ વી એમ મશીન ઈન્સ્ટોલ કરવાના મામલે વિલંબ થતા મતદાનની પ્રક્રીયા નિયત સમય કરતા મોડી શરૂ થઈ હોવાના મામલે પણ હોબાળો થયો હતો. જેના લીધે સવારે ૧૫ મિનિટ મોડા અલબત્ત ૭ :૧૫ કલાકે મતદાનની કામગીરી શરૂ થઈ શકી હતી. કતારમાં ઉભેલા મતદારોએ હોબાળો પણ મચાવ્યો હતો. નોકરી તેમજ કામ ધંધા પર જવાનુ હોવાથી વહેલા મતદાન કરવા આવ્યા હોવાનુ જણાંવતા મતદારોએ બુથની કામગીરી સામે પણ રોષ ઠાલવ્યો હતો. મતદાન માટે સવારે ૬ :૩૦ કલાકથી મતદાન બુથ પર આવી હાજર મતદારોએ આ ધીમી અને વિલંબિત કાર્યવાહી અંગે પ્રિસાઈડીંગ ઓફિસરને પણ રજુઆત કરી હતી. ઈ વી એમ મશીન ઈન્સ્ટોલ કરવાના મામલે મતદાનની કાર્યવાહી મોડી શરૂ થઈ હતી પરંતુ આ દરમિયાન મતદારોના વેરીફીકેશનનુ કામ પણ હાથ ધરાયુ ન હતુ. આખરે ૭ : ૧૫ કલાકે મતદાનની પ્રક્રીયા શરૂ થતા મામલો થાળે પડયો હતો.

## ચિલોડાના દરેક બુથમાં સવારે મતદારોએ વહેલા મતદાન કરવા ઉત્સાહ દાખવ્યો



૭-પૂર્વ અમદાવાદ લોકસભાની સામાન્ય ચૂંટણીમા ચિલોડા (ડ) પ્રાથમિક શાળાના મતદાન મથકમાં ગામના કુલ ૩૭૧૨ મતદારોમાંથી ૨૩૭૧ એટલે ૬૩.૮૭ ટકા મતદાન નોંધાયું હતું. આ મતદાન મથક પર સવારે ૭ થી ૧૧.૩૦ કલાક સુધી અને બપોરે ૪ થી ૬ કલાક સુધી મતદારોએ ગરમીના દિવસોના કારણે મતદાન કરવાનું પસંદ કર્યુ હતું. આ મતદાન મથકમાં ધીમે ધીમે મતદારો મતદાન કરવા આવતા લાઈન નહીંવત જોવા મળી હતી. આમ છતાં મતદારોને મતદા મથકે સારું મતદાન કરવા પક્ષોના સમર્થકો, ટેકેદારો દ્વારા મતદારોને મતદાન કરાવવા નિઃસ્વાર્થ સેવામાં જોડાયા હતા. આમ પક્ષીય કાર્યકરો દ્વારા વધુ મતદાન થાય તેવા પ્રયાસોથી ૬૩.૮૭ ટકા મતદાન થતાં સંતોષ વ્યકત કર્યો હતો.